# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

****************************************************

1. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખેડૂતોને માત્ર સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ કરવા પ્રધાનમંત્રીની અપીલને અનુસરવા વિનંતી કરી.
2. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું , મતદારો, રાજકીય પક્ષો અને અન્ય હિસ્સેદારો દ્વારા વિશેષ સઘન સુધારા – SIRને વ્યાપક આવકાર મળ્યો
3. દાર્જિલિંગમાં ભારે વરસાદ , ભૂસ્ખલન અને બ્રિજ તૂટતા અત્યાર સુધીમાં 23ના મોત
4. DGCAએ આગામી તહેવારો પહેલા વિમાન ભાડાના વલણની સમીક્ષા કરી
5. શ્રીલંકામાં રમાઈ રહેલા એક દિવસીય મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતે પાકિસ્તાનને જીતવા 248 રનનો લક્ષ્યાંક આપ્યો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH-SWADESHI PRODUCT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખેડૂતોને માત્ર સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલને અનુસરવા વિનંતી કરી.તેમણે કહ્યું કે જો નાગરિકો સામૂહિક રીતે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરશે તો તે દેશના આર્થિક વિકાસને નોંધપાત્ર રીતે વેગ આપશે.

(બાઈટ – અમીત શાહ)

તેમણે ખાતરી આપી કે મહારાષ્ટ્ર સરકાર દ્વારા પૂર નુકસાન અંગેનો વિગતવાર અહેવાલ રજૂ કરાયા બાદ કેન્દ્ર સરકાર ખેડૂતો માટે વિના વિલંબે સહાયની જાહેરાત કરશે. મહારાષ્ટ્રના અહિલ્યાનગર ખાતે પદ્મશ્રી ડૉ. વિઠ્ઠલરાવ વિખે પાટિલ અને પદ્મભૂષણ ડૉ. બાળાસાહેબ વિખે પાટિલની આદમ-કદની પ્રતિમાઓનું અનાવરણ અને પદ્મશ્રી ડૉ. વિઠ્ઠલરાવ વિખે પાટિલ સહકારી ખાંડ ફેક્ટરીના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે માહિતી આપી કે કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2025-26 માટે 3 હજાર 132 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી છે. જેમાં મહારાષ્ટ્ર માટે 215 કરોડ રૂપિયાનું ખાસ પેકેજ પણ સામેલ છે.

. . . . . . . . . . . . .

# REV. EVE CEC BIHAR

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું છે કે મતદારો , રાજકીય પક્ષો અને અન્ય હિસ્સેદારો દ્વારા વિશેષ સઘન સુધારા –SIRને વ્યાપક વ્યાપક આવકાર મળ્યો છે. પટનામાં પત્રકાર પરિષદ દરમિયાન SIR અંગે પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં , શ્રી કુમારે કહ્યું કે SIR કાયદેસર અને જોગવાઈઓ અનુસાર હાથ ધરાયું હતું. તેમણે જણાવ્યું, 3 લાખ 66 હજાર મતદાતા તેમની જવાબદારી સમજી મતદાર યાદીમાંથી નામો દૂર કરવા માટે આગળ આવ્યા હતા.

(બાઇટ - CEC on sir )

તેમણે ઉમેર્યું કે બિહારમાં મુક્ત , ન્યાયી અને શાંતિપૂર્ણ વિધાનસભા ચૂંટણીઓ યોજવા માટે 17 નવી પહેલો શરૂ કરવામાં આવી છે.

(બાઇટ -GYANESH-ON-INITIATIVES)

દેશમાં આગામી SIR માટેના દસ્તાવેજોમાં આધારનો સમાવેશ કરવા અંગે શ્રી કુમારે કહ્યું કે આધાર નાગરિકતાનો નહીં પણ ઓળખનો પુરાવો રહેશે અને સર્વોચ્ચ અદાલતના આ નિર્ણયને માન્ય રખાયો છે.

તેમણે જણાવ્યું કે બિહાર વિધાનસભા ચૂંટણીની તારીખો ટૂંક સમયમાં જાહેર કરાશે અને મતદાન સમયપત્રકને અંતિમ સ્વરૂપ આપતી વખતે તમામ પાસાઓ ધ્યાને લેવાશે.

અગાઉ, ચૂંટણી પંચે રાજકીય પક્ષો , મુખ્ય સચિવ, રાજ્ય પોલીસ વડા, અને વિવિધ અમલીકરણ એજન્સીઓ સહિત વિવિધ હિતધારકો સાથે સમીક્ષા બેઠકો યોજી હતી.. . . . . . .

# JAISHANKAR-KAUTILYA-CONCLAVE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું છે કે તાજેતરના વર્ષોમાં યુદ્ધનું સ્વરૂપ મૂળભૂત રીતે બદલાઈ ગયું છે. આજે સાંજે નવી દિલ્હીમાં કૌટિલ્ય આર્થિક પરિષદમાં બોલતા ડૉ. જયશંકરે જણાવ્યું કે અઝરબૈજાન-આર્મેનિયાથી લઈને યુક્રેન-રશિયા અને ઈઝરાયલ-ઈરાન સુધીના સંઘર્ષો , સ્થિર શસ્ત્રોનો ઉપયોગ કરીને હાથ ધરાયેલા સંપર્ક રહિત યુદ્ધને પ્રતિબિંબિત કરે છે.વિદેશ મંત્રીએ કહ્યું, દુર્લભ પૃથ્વી તત્વો અને વ્યૂહાત્મક સંસાધનો માટેની સ્પર્ધા આધુનિક વૈશ્વિક સ્પર્ધાનું એક નિર્ણાયક લક્ષણ બની ગઈ છે.

ભારત-અમેરિકાના સંબંધો પર , ડૉ. જયશંકરે ભાર મૂક્યો કે ભારત સરકાર વર્તમાન વેપાર સમસ્યાઓના ઉકેલ માટે અમેરિકા સાથે સક્રિય રીતે ચર્ચા કરી રહી છે. તેમણે ઉત્પાદન , જીવનશૈલીની સરળતા અને વ્યાપક રાષ્ટ્રીય શક્તિને આગળ વધારવા માટે વૈશ્વિક ફેરફારો પ્રત્યે ભારતના અભિગમની રૂપરેખા પણ આપી.

. . . . . . . . .

# GOYAL-QATAR-VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આવતીકાલથી કતારની બે દિવસની મુલાકાતે જશે. શ્રી ગોયલ તેમના સમકક્ષ શેખ ફૈઝલ બિન થાની સાથે ભારત-કતાર સંયુક્ત વેપાર અને વાણિજ્ય કમિશનની બેઠકની અધ્યક્ષતા કરશે. તેઓ અન્ય મહાનુભાવો અને ટોચના ઉદ્યોગપતિઓને પણ મળશે. તેઓ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા ,ઇન્ડિયન બિઝનેસ એન્ડ પ્રોફેશનલ્સ કાઉન્સિલ (IBPC)ના પ્રતિનિધિઓ અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

વાણિજ્ય મંત્રાલયે જણાવ્યુ કે , બંને દેશો દ્વિપક્ષીય વેપાર કામગીરીની સમીક્ષા, હાલના વેપાર અવરોધો અને વેરા સિવાયના મુદ્દા તથા વેપાર અને રોકાણ પ્રવાહને વધારવાના માર્ગો શોધવા અંગે વ્યાપક ચર્ચા કરે તેવી અપેક્ષા છે. આ વાટાઘાટોમાં પ્રસ્તાવિત ભારત-કતાર મુક્ત વ્યાપાર કરાર પર ચર્ચાની સંભાવના છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# EVE-DARJEELING-RAIN-AND-LANDSLIDE

દાર્જિલિંગ પહાડીઓમાં ભારે વરસાદ , ભૂસ્ખલન અને પુલ તૂટી પડવાની ઘટનાઓમાં અત્યાર સુધીમાં 23ના મોત થયા છે , જેમાં પાંચ નેપાળના નાગરિકોનો સમાવેશ થાય છે. સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર મિરિક સબડિવિઝનમાં 13ના મોત થયા છે. ભૂસ્ખલનને કારણે પહાડી વિસ્તારમાં અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ 10 ઉપર અનેક સ્થળોએ તીસ્તા નદીના પાણી ફરી વળતા હાઇવે બંધ કરી દેવાયો છે. જિલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક સંસ્થાઓ યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી કરી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ , ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં પુલ દુર્ઘટનામાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી અને બચાવ અને રાહત કામગીરીની સફળતા માટે પ્રાર્થના કરી.

ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને પણ શોક વ્યક્ત કર્યો અને ઇજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવાની કામના વ્યક્ત કરી.

પ્રધાનમંત્રીએ પણ ઘટના પર શોક વ્યક્ત કર્યો. તેમણે માહિતી આપી કે ભારે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. તેમણે અસરગ્રસ્તોને શક્ય તમામ સહાય પૂરી પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.. . . . . . . . . . . .

# BHUTAN FLOOD

ભારતીય સેનાએ ભૂટાનના અમોચુ નદી ક્ષેત્રમાં આવેલા પૂરના કારણે ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડી તાત્કાલિક તબીબી સંભાળ પૂરી પાડી. ભૂટાને ભારતને તાત્કાલિક સહાયની વિનંતી કરી હતી.જેની ઝડપી પ્રતિક્રિયા આપતા , ભારતીય સેનાએ  અસરગ્રસ્ત વિસ્તારમાં બે હેલિકોપ્ટર તૈનાત કર્યા હતા . ભૂટાનની સરકારે સમયસર જીવન બચાવ સહાય પૂરી પાડવા બદલ ભારતીય સેનાનો આભાર વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . .

# EVE-BIHAR-RAINS

નેપાળમાં ભારે વરસાદને કારણે બિહારમાં ગંડક , કોસી, મહાનંદા, ગંગા અને અન્ય મુખ્ય નદીઓના પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે.ભારે વરસાદને કારણે , ઉત્તર બિહારના અનેક જિલ્લામાં સામાન્ય જનજીવન ભારે ખોરવાયું છે.કોસી બેરેજના તમામ 56 દરવાજા ખોલી પાંચ લાખ ક્યુસેક પાણી છોડાયું છે. પૂરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રને એલર્ટ રાખવામાં આવ્યું છે.

. . . . . . . . . . .

# NEPAL-RAINS

નેપાળમાં, ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરના કારણે 47ના મોત થયા છે. ભૂસ્ખલનમાં, સૌથી વધુ અસરગ્રસ્ત પૂર્વીય જિલ્લાના ઇલમમાં 37ના મોત થયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રસ્તાઓ બંધ થઇ ગયા છે અને પુલ ધોવાઈ ગયા છે. કોશી નદી ભયજનક સ્તરથી ઉપર વહી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નેપાળમાં ભારે વરસાદને કારણે થયેલી જાનહાનિ અને નુકસાન પર દુઃખ વ્યકત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, ભારત આ મુશ્કેલ સમયમાં નેપાળના લોકો અને સરકાર સાથે ઉભું છે. તેમણે કહ્યું કે, એક મૈત્રીપૂર્ણ પાડોશી અને પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકે , ભારત કોઈપણ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . .

# WOMENS CRICKET WORLD CUP

શ્રીલંકાના કૉલમ્બોમાં એક દિવસીય મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતે પહેલા બેટિંગ કરી પાકિસ્તાનને જીતવા 248 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતની ટીમ 247 રને ઑલ-આઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સૌથી વધુ 46 રન હરલિન દેઓલે બનાવ્યાં છે. જ્યારે જેમિમાહ રોડ્રિગ્ઝ 32 અને ઑપનર પ્રતિકા રાવલ 31 રન બનાવીને આઉટ થયાં હતાં. તો રિચા ઘોષે અણનમ 35 રન બનાવ્યાં.

હાલમાં મળતાં અહેવાલ મુજબ , પાકિસ્તાને અત્યાર સુધીમાં 4 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 6 રન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે , ભારતે અત્યાર સુધીમાં પાકિસ્તાન સામે તમામ 11 મુકાબલા જીત્યા છે. વર્ષ 2022ના વિશ્વકપમાં ભારતનો 107 રનથી વિજય થયો હતો.

. . . . . . . . . . .

# CHINA--TYPHOON-MATMO

ચક્રવાત મત્મો આજે ચીનના ગુઆંગડોંગ પ્રાંતમાં ઝુવેન કાઉન્ટીના પૂર્વી કિનારા પર ત્રાટક્યું. જેને લઈને હૈનાનમાં 1 લાખ 97 હજારથી વધુ , ગુઆંગડોંગમાં દોઢ લાખથી વધુ અને વેઇઝોઉ ટાપુમાં 26 હજાર પ્રવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. દરિયાકાંઠાના ફેરી માર્ગ બંધ કરી દેવાયા છે. વાવાઝોડું પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે જે બેઇબુ ખાડીમાં પ્રવેશ્યા પછી નબળું પડવાની ધારણા છે. દરમિયાન ભારે વરસાદની આગાહી કરાઇ છે.

. . . . . . . . . . .

# DGCA-FESTIVE SEASON FLIGHTS

નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલય- DGCAએ આગામી તહેવારો પહેલા હવાઇ ભાડાના વલણોની સમીક્ષા કરી. DGCAએ એરલાઇન્સને વધારાની ઉડાનો તૈનાત કરી ઉડાન ક્ષમતા વધારવા જણાવ્યુ. આ અંગે ઇન્ડિગોએ માહિતી આપી કે તેણે 42 ક્ષેત્રોમાં 730 વધારાની ઉડાન તૈનાત કરી છે. દરમિયાન, એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ 20 ક્ષેત્રોમાં 486 વધારાની ઉડાન જ્યારે સ્પાઇસજેટ 38 ક્ષેત્રોમાં વધુ 546 ઉડાન શરૂ કરશે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યુ કે , તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોના હિતોનું રક્ષણ કરવા DGCA એરલાઇન ભાડા અને ફ્લાઇટ ક્ષમતા પર કડક દેખરેખ રાખશે.

. . . . . . . . . . .

# REV. MP COUGH SYRUP

મધ્યપ્રદેશના છિંદવાડામાં કફ સિરપ પીવાથી 11 બાળકોના મોત બાદ રાજ્ય સરકાર દ્વારા આરોપી ડૉક્ટર અને ઉત્પાદક કંપની વિરુદ્ધ FIR દાખલ કરાઈ છે. તમિલનાડુની દવા ઉત્પાદક કંપની શ્રીસન ફાર્માસ્યુટિકલ્સ સામે કેસ દાખલ થયા બાદ , સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ - SIT તમિલનાડુમાં તપાસ કરશે. દરમિયાન , ગઈકાલે જાહેર કરાયેલા એક અહેવાલમાં પુષ્ટિ મળી છે કે કોલ્ડ્રિફ સિરપમાં હાનિકારક ડાયથિલિન ગ્લાયકોલનું પ્રમાણ 48.6 ટકા હતું.

. . . . . . . . . . . . .